## ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા

## ''વિજેતા'' પ્રાર્થના કેલેન્ડર - સપ્ટેમ્બર - ૨૦૨૪

પો.બો. નં. ૨૦૩૬, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨

(૧) પ્રાર્થના : હે પ્રભુ ઈસુ, હું તમારા માટે જીવવાના મારા તમામ નિરર્થક પ્રયત્નોથી કંટાળી ગયો છું. મેં તમારા જેવા બનવાનો ખૂબ પ્રયત્ન કર્યો છે, પરંતુ હું નિષ્ફળ ગયો છું. તેથી હું છોડી દઉં છું. હું તમારી સેવા કરવા માટેના મારા દૈહિક માનવીય પ્રયત્નોને બંધ કરું છું. હું માગું છું કે તમે મને તમારા આત્માથી ભરો અને મારા થકી તમારું કાર્ય કરો. તમારામાં વિશ્રામ કરવા દેવા બદલ આભાર. (માથ્થી ૧૧:૨૮-૩૦)

(૨) પ્રભુત્વ : ઈસુના પ્રભુત્વને ઓળખવું એ વિશ્વાસની મુસાફરીનો એક ભાગ છે. આપણા ઈશ્વર પ્રભુની સ્તુતિ કરવી અને તેની આરાધના કરવી તે સારું છે. કારણ કે તેની સર્વોપરિતા અને સર્વ તેમના હાથમાં છે. મુશ્કેલ સમયમાં પણ સર્વ અધિકાર અને સામર્થ્ય તેમના હાથમાં છે. (ગી.શા. ૧૧૭:૧-૨)

(૩) સંવેદનશીલતા : જીવનની સમસ્યાઓ અને સંજોગો માણસના હૃદયને એટલી હદે કઠણ કરી શકે છે કે જ્યાં તેનાથી બીજાને થતા નુકસાનનો અહેસાસ થતો નથી. ચાલો આવો, આપણે પ્રાર્થના કરીએ કે ઈશ્વર આપણાં હૃદયોને તપાસે અને પસ્તાવા અને કબુલાત તરફ દોરી જાય. (ગી.શા. ૧૩૯:૨૩,૨૪)

(૪) પુનઃસ્થાપન : આધુનિક સમાજ સંબંધોમાં ખાસ કરીને પરિવારોમાં ઘણી મુશ્કેલીઓ અનુભવી રહ્યો છે. હે પ્રભુ, અમે લગ્ન અને પરિવારોમાં સંતુલન રહે તે માટે પ્રાર્થના કરીએ છીએ. અમને એવા પુરુષો બનાવો કે જેઓ આત્મિક અને ભાવનાત્મક સાજાપણા અને ઘરમાં સુમેળ સાધવા માટે પોકાર કરે. (એઝરા ૨૨:૩૦)

(૫) અધિકારીઓ : હે ઈશ્વર, ખ્રિસ્તી પુરુષો તરીકે અમે તમામ સ્તરે મ્યુનિસિપલ, રાજ્ય કે રાષ્ટ્રીય હોય તેમના વતી મધ્યસ્થી કરીએ છીએ. અમે પ્રાર્થના કરીએ છીએ કે તેઓ તમને પ્રભુ તરીકે જાણે અને ન્યાય અને સમાનતાથી રાજ કરે. (૧ તિમોથી ૨:૧-૫)

(૬) મંડળી : હે પ્રભુ ઈસુ, અમે મંડળી માટે તમારી સ્તુતિ કરીએ છીએ અને પ્રાર્થના કરીએ છીએ કે પવિત્ર આત્મા તમારા લોકોને સ્પષ્ટ અને ખાતરીદાયક સાક્ષી માટે દૃઢ કરે, તેમનો વિશ્વાસ મજબૂત રહે, તમારા લોકો તેમની આસપાસ પ્રભાવિત કરે. (પ્રે.કૃત્યો ૨૯:૩૧)

(૭) કૃતજ્ઞતા : આવો આપણે પ્રાર્થના કરીએ કે પુરુષો પાસે તેમની મિલકતના વહીવટમાં ડહાપણ અને સમજણ આવે. ઈશ્વર દરેકને તેમના પરિવારનું ભરણપોષણ પૂરુ પાડવા મદદ કરે. (૧ તિમોથી ૫:૮)

(૮) ઈશ્વરનું કાર્ય : વ્હાલા પ્રભુ ઈસુ, તમારું વચન મને જણાવે છે કે તમે મારા માટે શું કર્યું છે અને તમારો આત્મા મને બતાવે છે કે તમે મારા દ્વારા શું કરવા માંગો છો. તમે સર્વશક્તિમાન ઈશ્વર છો, મારી સર્વ જરૂરિયાતો પૂરી કરવા માટે સક્ષમ છો. મને તમારા પર ભરોસો અને આજ્ઞા પાળવા માટે પ્રેરિત કરો છો, જેથી તમે મારા થકી તમારા હેતુઓ પૂર્ણ કરો. (ફિલીપી ૧:૬)

(૯) મુખ્ય શિક્ષક : ''હે ઈશ્વર, તમારો આભાર કે તમે મને મારી બાબતો શોધવા છોડ્યો નથી. તમે મને સર્વ બાબતો શીખવવા માટે તમારો આત્મા આપ્યો છે. મને તમારી દોરવણી આપો અને તમારા વચનો સંભળાવો. મને સત્યમાં દોરો, તમારા દૈવી સ્વભાવના ભાગીદાર બનાવો.'' (માથ્થી ૫:૧-૨)

(૧૦) ખરું ન્યાયીપણું : પ્રભુ ઈસુ, હું તમારા ન્યાયીપણાનું અનુકરણ કરી શકતો નથી, કારણ કે જો હું તેમ કરું તો હું ખરાબ રીતે નિષ્ફળ જઈશ. તમે તમારા આત્માથી મને ભરો અને મારામાં ન્યાયી ચારિત્ર ઉત્પન્ન કરો. મને ન્યાયીપણાના માર્ગે ચાલવાની શક્તિ આપો. મને તમારા ન્યાયીપણાથી ભરો ! (માથ્થી ૫:૬)

(૧૧) જાગવાનો સમય : વ્હાલા ઈશ્વર, હું સ્તબ્ધ હતો, તમારા હેતુથી અજાણ હતો. તમે ઈસુ ખ્રિસ્તમાં મારા માટે જે કર્યું હતું તેનાથી અજાણ હતો. જ્યારે મારે જીવનની નવીનતામાં ચાલવું જોઈએ ત્યારે હું મારા દેહના મૃત કાર્યો માટે થંભી ગયો હતો, મને જાગૃત કરવા બદલ આભાર. મારા જીવનમાં પ્રકાશ ફેલાવો. તમે મને તમારા પ્રકાશમાં ચલાવો. (એફેસી ૫:૧૪)

(૧૨) કારણ અને અસર : વ્હાલા ઈશ્વર, તમારી કૃપા અદ્ભુત છે. પ્રથમ તમે મને ઈસુ ખ્રિસ્ત આપ્યા, ત્યારબાદ તમે મારામાં વસ્યા. તમે મને જીવવા માટે સશક્ત કરવા માટે ઉપલબ્ધ છો. હું તમને મારા જીવન પર સંપૂર્ણ કાબુ લેવા અને મને તમારા આત્માથી ભરવા માટે જણાવું છું. તમારી ઈચ્છા પ્રમાણે કરવા સહાય કરો. મારા થકી તમારાં કાર્યો પૂરા કરવા બદલ આભાર. (ફિલીપી ૨:૧૩)

(૧૩) ભુલો શોધતા નથી : ઈશ્વરનો આભાર માનો કારણ કે તે આપણા જીવનમાં ભુલો શોધી રહ્યા નથી, પરંતુ તે પાપીઓને શોધી રહ્યા છે. જે પોતાને નમ્ર બનાવવા, પસ્તાવો કરવા અને ઈસુને તેમના તારનાર અને પ્રભુ તરીકે તેમના જીવનમાં આમંત્રિત કરવા તૈયાર છે. (યોહાન ૧:૧૨)

(૧૪) ભાગ લો : શું તમે મહાન આદેશને પૂર્ણ કરવા સક્રિયપણે ભાગ લઈ રહ્યા છો ? જો ના, તો પ્રાર્થના કરો કે ઈશ્વર તમને તેમના રાજ્યના નિર્માણની સેવામાં સક્રિય ભાગ બનવામાં મદદ કરશે. પ્રાર્થના કરો કે તમે યશાયાની જેમ હંમેશા તેમના અવાજનું પાલન કરવા તૈયાર રહો. (યશાયા ૬:૮)

(૧૫) પ્રેમ અને કરુણા : તમને અને બીજાને બચાવવા માટે ખ્રિસ્તે પોતાનો પ્રાણ આપ્યો. સર્વ મનુષ્યો માટેના તેમના પ્રેમ અને કરુણા માટે આજે તેમનો આભાર માનો અને તેમને તમારા થકી અન્ય લોકોને પ્રેમ કરવા દો. (રોમન ૫:૮)

(૧૬) સારા વહીવટદાર : એક દિવસ ઈસુ તમને પૂછશે કે, પૃથ્વી પરના તમારા જીવન દરમ્યાન તમને સોંપેલી સંપત્તિ તમે કેવી રીતે ખર્ચી. પ્રાર્થના કરો કે ઈશ્વર તમને અનંતકાળિક મૂલ્યોને પ્રથમ રાખવા અને તમારી સંપત્તિના સારા સંચાલક બનવાની શક્તિ આપે. (માથ્થી ૬:૨૧)

(૧૭) કસોટીઓમાં આનંદ : ‘‘મારા ભાઈઓ, જ્યારે તમને તરેહ તરેહનાં પરીક્ષણો થાય છે ત્યારે તેમાં પૂરો આનંદ માનો.’’ (યાકુબ ૧:૨) કસોટીઓમાં આનંદ કરવો માનવ સ્વભાવની વિરુદ્ધ છે. આપણે ઈશ્વરના આત્માથી નવો જન્મ પામવો જોઈએ. ત્યારબાદ આપણે સમજીશું કે ઈશ્વર આપણને આપણા સ્વતંત્ર આત્માથી મુક્ત કરવા અને પોતાની તરફ ખેંચવા માટે મુશ્કેલીઓનો ઉપયોગ કરે છે.

(૧૮) દૃઢતાનો આશીર્વાદ : ‘‘જે માણસ પરીક્ષણમાં પાર ઉતરે છે તેને ધન્ય છે, કેમકે પાર ઉતર્યા પછી જીવનનો જે મુગટ પ્રભુએ પોતાના પર પ્રેમ રાખનારાઓને આપવાનું કબુલ કર્યું છે તે તેને મળશે.’’ (યાકુબ ૧:૧૨) જ્યારે ટ્રેન ટનલમાંથી પસાર થાય ત્યારે કૂદકો મારશો નહિ. જેમ અગ્નિ સોનાને શુદ્ધ કરે છે તેમ ઈશ્વર સમસ્યાઓનો ઉપયોગ કરીને આપણને છુપાયેલા દોષોથી સાફ કરે છે. અંધારામાં પણ પ્રભુ પર ભરોસો રાખો.

(૧૯) પરીક્ષણનું મૂળ : બહાના કાઢીને જીવશો નહિ. નમ્ર બનો અને તમારા કાર્યો માટેની જવાબદારી સ્વીકારો. ‘‘પણ દરેક માણસ પોતાની દુર્વાસનાથી ખેંચાઈને તથા લલચાઈને પરીક્ષણમાં પડે છે.’’ (યાકુબ ૧:૧૪) તમારા ઈરાદાઓની તપાસ કરવા અને ઈશ્વરને તમારી ઈચ્છા સમર્પિત કરવા માટે તૈયાર રહો.

(૨૦) જાતીય વિકૃતિ : દરેક ઉત્તમ દાન તથા દરેક સંપૂર્ણ દાન ઉપરથી હોય છે અને પ્રકાશોના પિતા પાસેથી ઉતરે છે. આપણી જાતીયતા એ ઈશ્વરની ભેટ છે અને લગ્નમાં પ્રેમના અનંત બંધનની અભિવ્યક્તિ છે. (ઉત્પતિ ૨:૨૪) ધ્યાન રાખો ! આજે વિશ્વ જે વિકલ્પો આપે છે તે બીજું કંઈ નથી, પરંતુ ઈશ્વરની યોજનાની વિકૃતિઓ છે.

(૨૧) સાંભળવામાં ચપળ : ‘‘દરેક માણસ સાંભળવામાં ચપળ, બોલવામાં ધીમો તથા ક્રોધમાં ધીરો થાય.’’ (યાકુબ ૧:૧૯-૨૦) શું તમે સરળતાથી ગુસ્સે થઈ જાય એવા માણસ છો ? ઈશ્વરને કહો કે તે તમારામાં આત્માનું ફળ સંયમ ઉત્પન્ન કરે. પડકારો સ્વીકારો અને સારી રીતે માહિતગાર રહો, વિકલ્પોની તુલના કરો, સમજદારીથી બોલો અને તમારા ગુસ્સાને કાબુમાં રાખો.

(૨૨) ખરું જ્ઞાન : ‘‘પણ જે જ્ઞાન ઉપરથી છે તે પ્રથમ તો નિર્મળ, પછી સલાહ કરાવનારું, નમ્ર, સહેજે સમજે એવું, દયાથી તથા સારાં ફળોથી ભરપૂર નિષ્પક્ષપાત તથા દંભરહિત છે. ચાલો, પ્રામાણિક બનીએ. આપણા કુટુંબ, મંડળી અને સમાજને આવા જ્ઞાનવાળા માણસોની તાત્કાલિક જરૂર છે, તેને યાદ રાખો અને ખરા જ્ઞાની માણસ બનો.’’

(૨૩) નાહિમ્મત થશો નહિ : ‘‘જો તું સંકટને દિવસે નાહિમ્મત થઈ જાય, તો તારું બળ થોડું જ છે.’’ (નીતિવચનો ૨૪:૧૦) સંકટ જરૂરી છે. જીવનની અણધારી અને મુશ્કેલ ક્ષણોનો આપણે કેવી રીતે સામનો કરીએ છીએ તે તેનું પરિણામ નક્કી કરે છે. ગમે તે પરિસ્થિતિ હોય પણ ઈશ્વરના દૃષ્ટિકોણ માટે પ્રાર્થના કરો. તમારી નબળાઈમાં તેમના સામર્થ્યને વાસ્તવિક બનાવવા માટે તેના પર વિશ્વાસ કરો. પછી તમે ગભરાશો નહિ.

(૨૪) શ્રેષ્ઠ સંસ્કૃતિ : "પણ તમે તો પસંદ કરેલી જાતિ, રાજમાન્ય યાજકવર્ગ, પવિત્ર પ્રજા તથા પ્રભુના ખાસ લોક છો." (૧ પિતર ૨:૯) જેણે વિશ્વાસથી ઈસુનો અંગીકાર કર્યો છે તે નવો જન્મ પામેલો છે અને તે ઈશ્વરનું બાળક બને છે. (યોહાન ૧:૧૨) આ પુરુષો, સ્ત્રીઓ અને તમામ લોકો જાતિ અને દેશના બાળકો ઈશ્વરના એક જ પરિવારના છે અને એક અદ્‌ભુત શ્રેષ્ઠ સંસ્કૃતિ બનાવે છે.

(૨૫) વલણ : "ખ્રિસ્ત ઈસુનું મન જેવું હતું તેવું તમે પણ રાખો." (ફિલીપી ૨:૫) આ જગતના અધિકારીઓ જેઓ લોકો પર રાજ કરે છે તેના કરતાં વિપરિત, ખ્રિસ્તે તેમના શિષ્યોને દર્શાવ્યુ કે સેવક આગેવાની શું છે. (માથ્થી ૨૦:૨૫-૨૮) તમારી જાત સાથે પ્રામાણિક બનો. તમારા હૃદયના વલણને પ્રગટ કરવા માટે પવિત્ર આત્મા માટે પ્રાર્થના કરો. ખ્રિસ્તને તમારા જીવનમાં રાજ કરવાની તક આપો.

(૨૬) પવિત્ર જીવન : "પણ જેણે તમને તેડ્યા છે તે જેવો પવિત્ર છે તેવા તમે પણ સર્વ પ્રકારનાં આચરણમાં પવિત્ર થાઓ." (૧ પિતર ૧:૧૫) જ્યારે તમે ઈશ્વરના આત્માથી નવો જન્મ પામ્યા હતા ત્યારે તમને નવો સ્વભાવ મળ્યો હતો. (ગલાતી ૨:૨૦) હવે તમને ઈશ્વર માટે જીવવા તેડ્યા છે, તે પવિત્ર જીવન છે. તમારા કુટુંબ અને મિત્રોને, વાણી અને કૃત્યોમાં પ્રગટ કરવા માટે પ્રાર્થના કરો.

(૨૭) ધ્યાન રાખો : એ જ પ્રમાણે પતિઓ, સ્ત્રીઓ સાથે સમજણપૂર્વક રહો અને તેમને માન આપો. (૧ પિતર ૩:૭) સ્વાર્થી બનવાને બદલે ખ્રિસ્તે પતિઓને તેમની પત્નીઓ સાથે માન અને આદરથી વર્તવા તેડ્યા છે. જ્યારે આપણે તેમની માતાને પ્રેમ કરીએ છીએ અને તેમની સંભાળ રાખીએ છીએ ત્યારે આપણે આપણાં બાળકોને સૌથી શ્રેષ્ઠ ભેટ આપીએ છીએ.

(૨૮) સર્વ બાબતોમાં : "વળી આપણે જાણીએ છીએ કે જેઓ દેવના ઉપર પ્રેમ રાખે છે તેઓને એકંદરે સઘળું હિતકારક નીવડે છે." (રોમન ૮:૨૮) ઈશ્વરના આશીર્વાદ ઘણીવાર આપણી નજરથી સંતાડેલા હોય છે. કેટલીકવાર આપણા ચારિત્ર્યને ઘડવા માટે દુઃખ અને પીડાનો ઉપયોગ કરે છે. તેની યોજનાઓ હંમેશા આપણને સમૃદ્ધ કરવાની છે અને આપણને નુક્સાન કરવાની નથી. (યર્મિયા ૨૯:૧૧) તેથી તેના પર હંમેશા વિશ્વાસ કરો.

(૨૯) લડાઈની અફવાઓ : "લડાઈઓ તથા લડાઈઓની અફવા તમારા સાંભળવામાં આવશે, પણ જો જો, ગભરાતા ના, કેમકે એ બધું થવાની અગત્ય છે, પણ તેટલેથી અંત નહિ આવે." (માથ્થી ૨૪:૬) આપણી દુનિયામાં તણાવ અને સશસ્ત્ર સંઘર્ષોમાં વધારો ખ્રિસ્તનું આગમન નિકટ છે તેની નિશાની છે. તેથી તમારું ધ્યાન તેના આગમન પર તૈયાર થવા પર અને વિશ્વાસુ રહેવા પર કેન્દ્રિત કરો.

(૩૦) અંત સુધી દૃઢ : "અને અન્યાય વધી જવાના કારણથી ઘણા ખરાંનો પ્રેમ ઠંડો થઈ જશે, પણ અંત સુધી જે કોઈ ટકશે તે જ તારણ પામશે." (માથ્થી ૨૪:૧૨,૧૩) આપણા જગતમાં વાસ્તવિક સંઘર્ષ આત્મિક બાબતો છે. દુષ્ટ શક્તિઓ દુષ્ટ જૂઠ અને વિચારધારાઓથી માનવતાને છીનવી રહી છે. સાવધ રહો ! ઈશ્વરના વચનો પર આધાર રાખો.

ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા

પો.બો. નં. ૨૦૩૬, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨

**M. No. : 9327621391**

**Free MP3 download : radio882.com, twr media app**

**FB : https://www.facebook.com/twrgujarati/**

**Youtube : youtube.com/c/twrindiagujarati**

**Spotify : www.radio882.com/spotify-gujarati**

**Gujarati Internet FM Radio TWR : http://Radio882.com/fmgujarati**

**Gujarati TV Program:Gujarat First Channel, Time:06:30 to 07:00 (Morning) (Monday to Saturday)**